GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

# ગાંધીજી અને સત્યના પ્રયોગો

**ડૉ. અશ્વિનકુમાર ઉત્તમભાઈ પટેલ**
એસો. પ્રોફેસર – ગુજરાતી વિભાગ
શ્રી, આર. પી. આર્ટ્સ, શ્રી કે.બી. કોમર્સ અને
શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાત. જિ. આણંદ
મો. 9426333925

"સત્યસ્વરૂપ પરમાત્માને પામવા માટે અહિંસા જેનું તપ છે અને અહિંસાથી વિચાર, વાણી અને વર્તન નિર્વિકાર બનતા રાગદ્વેષ રહિત થઈ આત્મશુદ્ધિ કરી શકાય અને જીવ માત્ર સાથે એક્ય સાધી શકાય." એવા દઢ મનોબળ માર્ગે જે વિહરે છે એવા મહામાનવ મહાત્મા ગાંધીજી' દ્વારા લખાયેલી 'સત્યના પ્રયોગો' નામની આત્મકથા ગુજરાતી સાહિત્યની શિરમોરરૂપ કૃતિ તો છે જ પણ સાથે સાથે જગતભરની ઉત્તમ આત્મકથાઓની હરોળમાં મોખરે રહે તેવી આત્મકથા છે. સત્યને આચરણમાં ઉતારવા જતાં એમને કેટકેટલી કઠિનાઈઓનો સામનો કરવો પડયો છે તેની પ્રતીતિ આ આત્મકથામાં કરાવે છે. સત્યની ખોજ એ એમનું લક્ષ્ય છે અને તેથી જ સત્યને માટે ઝઝુમતા વીરની આ આત્મકથા બની રહે છે.

આત્મકથા લખવા પાછળના જે પ્રયોજન હોય છે. એના કરતા ગાંધીજીનું પ્રયોજન એનો ઉદ્દેશ કે દૃષ્ટિકોણ વિલક્ષણ છે. પ્રસ્તાવનામાં જ ગાંધીજી લખે છે કે "પણ ! મારે આત્મકથા ક્યાં લખવી છે?" અને એ વાંચતાં જ વાચકને સહજ પ્રશ્ન થાય કે ગાંધીજીનું આત્મકથા લખવા પાછળનું પ્રયોજન શું હશે? પરંતુ 'સત્યના પ્રયોગો' શબ્દ જ સૂચવે છે કે એ કૃતિમાં સત્યના કરેલા પ્રયોગોનું નિરૂપણ છે, જેનો ગાંધીજી એકરાર કરતા કહે છે કે મારે તો આત્મકથામાં સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે, તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે, એ ખરું ! પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું."

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

એ દૃષ્ટિએ આત્મકથા સત્યાગ્રહ લખવાની વસ્તુ નથી આચરવાની વસ્તુ છે એ દૃષ્ટિબિંદુ સમજાવવા પોતે જાતે કરેલા પ્રયોગોનું વર્ણન એમાં થયું છે. ગાંધીજીએ પોતાના જીવનમાં કરેલા આ પ્રયોગો આધ્યાત્મિક છે. પોતે લખે છે કે : "મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક. ધર્મ એટલે નીતિ–આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ" આમ ગાંધીજી એ દૃષ્ટિએ નૈતિકક્ષેત્રે જે પ્રયોગો કરીને વર્તમાન ભૂમિકાએ – અંતિમ ભૂમિકાએ પહોંચ્યા એ સર્વ પ્રયોગના નિરૂપણ પાછળનું એ પ્રયોજન છે.

આમ 'સત્યના પ્રયોગો' લખવા પાછળનું ગાંધીજીનું પ્રયોજન સત્યરૂપી પરમાત્માને પામવા માટે ગાંધીજીએ જે અનેક આધ્યાત્મિક પ્રયોગો કર્યા છે, અને જે પ્રયોગો કેવળ પોતાની જાણ પૂરતા જ મર્યાદિત રહયા હતા, તે પ્રયોગો જનકલ્યાણ સંદર્ભે પ્રજા સમક્ષ મૂકવાનો પ્રધાન ઉદ્દેશ રાખ્યો છે. આત્મકથામાં પ્રયોગકર્તા પોતે ગૌણ છે. પ્રયોગો પોતે જ પ્રધાનભાવે કેન્દ્રમાં છે. જેથી સત્યના પ્રયોગો ભાવિપ્રજાના ઘડતર માટે દીવાદાંડી રૂપ બની રહે એમ છે.

'ગાંધીજી'ની આત્મકથામાં વિશિષ્ટ અને સહુથી પ્રબળ ગુણ લક્ષણ છે એમની પ્રચંડ સત્યનિષ્ઠા અને તેમા પ્રગટ થયેલ નિખાલસતા. એમણે ગમે તેવા કડવા સત્યને પણ છાવર્યું નથી. પ્રતિષ્ઠા ભયનો કશો ડર રાખ્યા વગર એમણે સત્યને કેવળ સત્યને જ નિરૂપવાનો આગ્રહ સેવ્યો છે. જાણે–અજાણે પણ સત્યનું અપૂર્ણ દર્શન કરાવવાનો અપરાધ ન થઈ જાય તેની તકેદારી જેટલી ગાંધીજીએ રાખી છે તેટલી જગતભરના કોઈ આત્મકથાકારે પણ રાખી હશે કે કેમ એ પણ એક ચર્ચાનો વિષય છે.

સત્યનિષ્ઠાની કસોટીએ આ આત્મકથા જેટલી ઉત્કૃષ્ટ છે, તેમ કડક આત્મપરિક્ષણની દૃષ્ટિએ પણ તેટલી જ ઉત્કૃષ્ટ છે. એમણે ચુસ્ત તટસ્થતાથી પોતાના જીવનના સર્વ કહેવા યોગ્ય પ્રસંગોને છુપાવ્યા વગર કહ્યા છે. પોતાના શરમના અને બનાવોનું યથાતથ વર્ણન તેઓ કરે છે અને કહે છે કે : "મારા દોષનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવા માગું છું." પોતાના બાળપણમાં થયેલ વિવાહ પ્રસંગમાં એ વખતની હકારાત્મકતા, કસ્તુર બા સાથે વ્યવહારમાં થયેલી જે ભૂલો અને ઉંડો પ્રશ્ચાતાપ, બ્રહ્મચર્યની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

ભૂલો, ચોરી અને માંસાહારનો પ્રસંગ, પિતાના મૃત્યુ સમયની પોતાની વિષયાંધતાની કબુલાત, બીડી પીવાનો પ્રસંગ, ત્રણેકવાર ઊભા થયેલા વ્યભિચારના પ્રસંગો અને તેમાંથી થયેલો ઉગાર, પોતે પરણિત હોવા છતાં અપરણિત કહી કન્યાને કરેલી છેતરપિંડી, વકતા અને વકીલાત તરીકે સરિયામ નિષ્ફળ હોવાની કબુલાત ઈ. અનેક ઉદાહરણો આપી શકાય એવા છે. પોતાના નઠારા પ્રસંગો પર ઢાંકપિછોડો કરવાની કે ઢોળ ચડાવવાની લાલચ એમનામાં કયાંય જણાતી નથી અને સત્યને જયારે જયારે ઝાંખપ પોતે લગાવી છે એમ તેમને લાગ્યું છે ત્યારે ત્યારે તેની કબુલાત પણ કરી લીધી છે. આમ કડક આત્મપરિક્ષણને કારણે એમની આત્મકથા ઉત્કૃષ્ટ બની છે. ગાંધીજી "સત્યના શોધકને રજકણથી પણ નીચે જવું પડે છે." એમ જે કહે છે તે અહીં યથાર્થરૂપે સાબિત થતું જોવા મળે છે.

'ગાંધીજી' એ પોતાના જીવનમાં બનેલ મોટાભાગની ઘટનાઓ નિખાલસભાવે રજુ કરી ભૂલોનો એકરાર પણ કર્યો છે. સોળ–સત્તર વર્ષની ઉંમરે ખરાબ સોબતે ચડેલા અને જેના કારણે માસાંહાર, ધુમ્રપાન, ચોરી જેવી બાબતો તરફ વળેલા. ઉપરાંત મિત્રો જોડે વેશ્યાગૃહે પણ ગયેલા જેનો નિખાલસ એકરાર કર્યો છે. પરંતુ સાથે ઈશ્વરકૃપાએ બચી પણ ગયેલા જેની નોંધ મૂકી છે. જો કે એ સમયે તેમને પૌરુષત્વનું અપમાન થતું લાગ્યું હતું પણ પાછળથી ઈશ્વરનો આભાર પણ માન્યો. એ ઉપરાંત ગાંધીજીએ એક કન્યાને પોતે કુંવારા છે એમ કહેલું અને પેલી યુવતી ગાંધીજી સાથે પ્રેમ કરવા લાગી હતી. જો કે એ વાતનો અફસોસ થતાં તેમણે પાછળથી પોતે પરણેલા છે એમ વાત જાહેર કરીને ક્ષમા માગી હતી તે વાતનું એમને દુઃખ છે.

'ગાંધીજી'ના સદ્વિચારોમાંથી જ એમનું એક માઠું પરિણામ પણ આવ્યું હતું. તેઓ માનવા લાગ્યા કે તેમણે એક પત્નીવ્રત પાળવું જોઈએ અને પત્નીએ પણ એક પતિવ્રત પાળવું જોઈએ અને આમ પાળવું જોઈએ એ પરથી પળાવવું જોઈએ એ વિચાર પર તેઓ આવ્યા અને તેમની પત્ની કયાં જાય છે એ તેમણે જાણવું જોઈએ એ દૃષ્ટિએ તેમની પત્ની તેમની રજા સિવાય કયાંય જાય નહિ, અને આ બાબત તેમની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

વચ્ચે દુઃખદ ઝગડાનું મૂળ બની હતી. જો કે તેમની પત્નીની પતિવ્રતા વિશે કોઈ કારણ ન હતું પણ અદેખાઈ કારણ જોવા ક્યાં બેસે છે? તેનો એકરાર તેઓએ નિઃસ્વાર્થભાવે કર્યો છે. વળી ખરાબ મિત્રોને સુધારવાનો તેમણે પ્રયત્ન કર્યો પરંતુ તેઓને સુધારવાના બદલામાં પોતે બગડી ગયા અને કુટેવોનો ભોગ બન્યા. એમને કુટેવનો ખ્યાલ આવ્યો ત્યારે પશ્ચાતાપ થયો અને તેમને લાગ્યુ કે સુધારો કરવા પણ માણસે ઊંડા પાણીમાં ઉતરવું જોઈએ નહી. આમ ગાંધીજી કુટેવથી જયારે સંપૂર્ણપણે જાગ્રત થયા ત્યારે તે કુટેવના ભોગ ન બનવાનો નિર્ણય કરે છે અને સાર્થક પણ કરી બતાવ્યું એ અર્થમાં સાચા માનવ બન્યા છે. ભૂલોનો એકરાર અને તેમાંથી એમણે કરેલ ઉગાર મહત્વની દીર્ઘદષ્ટિ તરફ આપણને દોરી જાય છે.

ગાંધીજીના મત મુજબ સત્યની ઝાંખી કરવા ઈચ્છનારે નમ્રતાપૂર્વક તટસ્થપણે આત્મનિરિક્ષણ કરવું જોઈએ. ગાંધીજીના આવા વિકાસનો પ્રારંભ છેક શિશુકાળથી થાય છે. તેઓ માતા–પિતા પાસેથી સ્વમાન, સદાચાર અને સર્વધર્મ સમભાવના શીખે છે અને એથી જ પોતે કરેલી ‘ચોરી’ની પિતા આગળ ખુલ્લા દિલે કબુલાત કરે છે. જેમ કે કુટુંબની નોકરાણી રંભા પાસેથી ડરપોકપણાનાં ઔષધ તરીકે ‘રામ’ નામનો મંત્ર એમની ધર્મ શ્રધ્ધા વધારી મૂકે છે. જે મંત્ર એમના જીવનનો એક અમોઘ શકિત બની રહયો. ‘હરિશચંદ્ર’ નાટક જોઈ તેઓ સત્ય બોલવાનો દઢ સંકલ્પ કરે છે અને એ દષ્ટિએ ધર્મ, અહિંસા અને સત્યના સંસ્કાર મૂળ બાળપણથી જ દઢ થતા જાય છે. રાયચંદભાઈ સાથેનો પત્રસંપર્ક, તુલસી રામાયણ, ભાગવદ્ગીતા, ‘ટોલ્સટોય’નું ધ કિંગડમ ઓફ ગોડ ઈઝ વિથિનયુ’, ‘રષ્કિન’નું ‘અન ટુ ધ લાસ્ટ' વગેરેનું વાંચન એમના જીવનની ફિલસોફીને ઘડે છે અને દઢ કરે છે.

પ્રિટોરિયા અને ટ્રાન્સવાલ વગેરે સ્થળોએ એમને સહન કરવા પડેલા અપમાનોથી હિંદીઓ તરફની એમની લાગણી તીવ્ર બને છે અને સ્વમાનની લડતનું બીજ રોપાય છે. એટલું જ નહી સાચા ધાર્મિક જીવનનો પાયો પણ ત્યાં જ નંખાય છે. તેમજ ભવિષ્યની મહાન ક્રાંતિની તૈયારીની પૂર્વસાધના પણ ત્યાં જ થાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

ગાંધીજીની રાજકારણક્ષેત્રની શકિત પણ તેમના આધ્યાત્મિક સામ્યર્થમાંથી જ ઉત્પન્ન થઈ છે અને એના બળે જ દ.આ.માં સત્યાગ્રહની લડત લડી શકયા. એ ઉપરાંત ગિરમીટપ્રથા નાબૂદ પ્રયાસ, ચંપારણ્ય સત્યાગ્રહ, અમદાવાદમાં મિલમજૂર હડતાલ, ખેડા સત્યાગ્રહ, રોલેટ એક્ટ વિરોધ, દાંડીકૂચ વગેરે હિંદવ્યાપી હડતાલ એ યોજી શકયા હતા.

ગાંધીજીએ આવા પ્રકારના આત્મિક સમૃધ્ધિના ઊંચા શિખરો એક જ કૂદકે સર નથી કર્યા. તેમાંય અનેક અંતરાયો એમને નડયા છે અને વળી એમાંય બહાર કરતાં આંતરિક અંતરાયોએ એમને વધુ પજવ્યા છે. આમ ‘સત્યના પ્રયોગો'માં ગાંધીજીના વૈવિધ્યસભર વ્યકિતત્વ (ઘડતર)ના દર્શન થાય છે અને એમાં તર્કગ્રાહ્યતા, તરલપણું, સત્યનિષ્ઠા, વિનમ્રતા, સરળ અને નિખાલસ વ્યકિતત્વનો હુબહુ પરિચય થાય છે.

‘ગાંધીજી’ની આત્મકથામાં એમના જીવનના સમગ્ર પ્રસંગો નિરૂપાયા છે તે એમની આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ મહત્વના હોય એવા પ્રસંગો જ અહીં સ્થાન પામ્યા છે. ભૌતિક દૃષ્ટિએ મહત્વના યશોદાયી હોય તેવા પ્રસંગો પણ આધ્યાત્મ સાધવાની દૃષ્ટિએ મહત્વના ન હોય તે એમણે ત્યજી દીધા છે, અને સત્યને કેન્દ્રમાં રાખીને સત્યના ઉપાસક તરીકે વિકસતા વ્યકિતત્વનો પરિચય આપણને થાય છે.

માતાએ લેવડાવેલ વ્રતનું મહત્વ શરૂઆતમાં સમજાયું ન હતું પણ પાછળથી વ્રત નિમિતે ઈંગ્લેન્ડમાં જે પ્રસંગો બન્યા એ પ્રસંગો ઉપરથી અસિધારા પર ચાલવા જેવું વ્રત હતું એમ તેમને લાગ્યું. એ ઉપરાંત માંસાહારનો પ્રસંગ, આપઘાત કરવા માટેનો પ્રસંગ, વેશ્યાગૃહમાંથી સ્વશરમને કારણે અપમાનપૂર્વક બહાર નીકળેલ જે પ્રસંગ, પોતાને અવિવાહિત દર્શાવીને કન્યાને છેતરવું અને પાછળ ભેદ ખોલી માફી પ્રસંગ વગેરે પ્રસંગો સરળ અને પ્રવાહી શૈલીમાં નિરૂપાયા છે.

બાળવિવાહનો વિચાર કરતા પિતાની કાર્યની જે ટીકા તેમણે જે આજે કરી છે તે કાંઈ તેમને મતે તે વખતે થોડી જ કંઈ કરી હતી? તે વેળા તો તેમને બધુ જ યોગ્ય લાગતું હતું. જે પ્રસંગ પણ વિવેક પૂર્વક

ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

નિરૂપાયો છે. વળી પિતાના અવસાનના ઘોર રાત્રીએ ગાંધીજી કાકાશ્રી સાથે પિતાજી પાસે બેઠા હતા અને પોતે સુવાની રજા લઈ શયનગૃહમાં ગયા થોડી ક્ષણમાં પિતા ગુજરી ગયા અને જે વિષયાશક્તિનું સ્વને કલંક લાગ્યું તેથી તેમને ઘણું જ દુઃખ લાગ્યું હતું.

વકીલાતમાં સદંતર નિષ્ફળ જવું કે ચાર્લ્સટાઉનથી સિગરામમાં બેસીને જહોનિસબર્ગ જતાં જે તેમને રંગભેદનો અનુભવ થયો અને ગોરાઓની દ્રષ્ટિમાં એ કુલી ગણાયા, સિગારેટ પીવા ખાતર ગાંધીજીને પોતાની બેઠક પરથી ઉઠાડી પોતે બેસવા બાવડું ઝાલીને ઘસડવાની ઘટના અને એ અપમાન સહન કરવા ગાંધીજી અસમર્થ હતા તથા જે ઈન્ડિયનની દશા હતી ઈ. પ્રસંગો ગાંધીજીએ આબેહુબ આલેખ્યા છે.

રચનાત્મક કાર્યમાં ખાદીનું મહત્વ લોકોને સમજાવવું, અદાલતમાં મજૂરોની વહારે ધાવું, બીજાના દુઃખે અને દોષે દુઃખી થનાર ગાંધીજીને પ્રાયશ્ચિતરૂપે ઉપવાસ કરવાના પ્રસંગ એકથી વધુવાર આવ્યા છે. જો કે જેમના માટે આવા ઉપવાસ કર્યા તેમના જીવનમાં ભારે પરિવર્તન ન હતું આવ્યું છતાં એનાથી સામાજિક સડો અટકયો હતો. આમ તેમના બહુધા પ્રસંગોમાં સત્યના ઉપાસક, સરળ અને ન્યાયી હોવાના કારણે તે સફળ થયા હતાં, અને તેમના વ્યકિતત્વને વિકસાવવામાં કારણભૂત બન્યા. પ્રસંગ નિરૂપણ કરવાની શકિત એની અદ્વિતિય છે જાણે કે આપણી દ્રષ્ટિ સામે તે પ્રસંગને જોતા હોઈએ એવો ભાસ થાય છે. જો કે પ્રસંગોને તે પ્રસંગ તરીકે નહિ પણ જીવનના સત્યના એક ભાગ તરીકે વર્ણવે છે.

ગાંધીજીએ જીવન દરમ્યાન અનેક પ્રયોગો કર્યા છે અને તેનાથી એમનું જીવન ધબકતુ રહયું છે અને તેના પરિણામે તેમના જીવનનો ક્રમિક વિકાસ થતો રહયો છે. ગાંધીજીના મતાનુસાર સત્ય એ નીતિ છે સત્ય એ જ ઈશ્વર છે સત્યને આધારે જીવન જીવવું જોઈએ. જો કે સત્યના આગ્રહીએ ઘણું સહન કરવાનું હોય છે.’ વળી તેઓ કહે છે કે : “અલ્પાત્માને પામવા માટે સત્યનો ગજ કદી ટૂંકો ન બનો. મારા જેવા હજારોને ક્ષય થાઓ પણ સત્યનો સદા જય થાઓ.’’ આમ ગાંધીજી સત્યને પોતાના જીવનમાં સર્વોપરી સ્થાન આપે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

માતાપિતાના સંસ્કારો, ધાર્મિકભાવના, ટેક, સ્વાભિમાન તેમને વારસામાં મળ્યા છે તથા 'હરિશચંદ્ર' નાટકની સત્યવાદી અસર તેમના પર જીવનભર રહી છે. બાળપણમાં અધ:પતનના માર્ગે ગયા પછી આપઘાત કરવા સુધીના વિચાર સુધી ગયા પરંતુ પ્રાયશ્ચિતના કારણે એ બચી ગયા અને ચિતસ્વસ્થ પણ થયા હતાં. વિદ્યાર્થી તરીકે સામાન્ય એવા ગાંધીજીના અક્ષરના મરોડ ખૂબ ખરાબ રહયા છે અને એટલે જ તેઓ કહે છે કે,ખરાબ અક્ષર એ અધુરી કેળવણીની નીશાની છે." બાળપણમાં પડેલી કુટેવો જેમ કે બીડી, સિગારેટ, માંસાહાર, વેશ્યાગૃહ ગમન વગેરેમાંથી તેમને પૂર્વસંસ્કારે બચાવ્યા એમ તેઓ કબૂલે છે.

વિલાયત ગમન પહેલાં લીધેલા ત્રણ પ્રતો પરસ્ત્રીગમનથી દુર રહેવું, માંસાહાર ન કરવો, દારૂ ન પીવો જેને ગાંધીજી પરદેશમાં પણ ચુસ્તપણે વળગી રહે છે. ખોરાક, બ્રહ્મચર્ય, ધર્મ અને કેળવણી વિશેના તેમના વિચારો મૌલિક છે. તેમને ઈશ્વરમાં અખૂટ શ્રધ્ધા છે. રાજકીયક્ષેત્રમાં પણ તેઓ સત્યના બળથી લડે છે. આમ ગાંધીજીના વ્યકિતત્વનો વિકાસ ચોકકસ આધ્યાત્મક્ષેત્રથી થયો છે. તેમાં ગુણો, મનન, ચિંતન અને આચરણ એ બધાના બળથી તેઓ મોહનમાંથી મહાત્મા બન્યા છે. અને સત્યના પ્રયોગો'માં એમના આંતર–બાહ્ય વ્યકિતત્વનું તેમણે પારદર્શક દર્શન કરાવ્યું છે.

'સત્યના પ્રયોગો' આત્મકથાને સમગ્ર દષ્ટિએ જોતા ગુજરાતી સાહિત્યની પ્રથમ હરોળની ગાંધીજીની આત્મકથા બની રહે છે. નવલકથાની જેમ રસ અને ઉલટભેર વાંચી જઈ શકાય તેટલી રસવાહતા ગાંધીજી આ આત્મકથામાં દાખવી શકયા છે. પ્રસંગોની સાંકળ એવી રીતે ગૂંથે છે કે વાંચકોને કુતુહલ જાગૃત રહયા કરે છે અને વાંચક જિજ્ઞાસાનો પ્રેર્યા પ્રસંગો ઉપર પ્રસંગો વાંચવા આપોઆપ પ્રેરાય છે. ટૂંકમાં જેવું ગાંધીજીનું વિરલ અને મહિમાવંતુ જીવન હતું તેવી જ મહિમાવંતી અને વિરલ આ સાહિત્યકૃતિ છે. જે ગાંધીજીની ઔચિત્યબુધ્ધિ, પ્રમાણવિવેક અને ચરિત્રાત્મક શૈલીના કારણે તાદ્દશ થયું છે.